વિભાગ : ૪

# સંસારી જીવો અને તેના દુઃખો

વિભાગ : ૩ : સંસારી જીવોના ભેદના કુલ સાત પ્રકરણોમાં આપણે જીવસમાસ અને નામકર્મની અપેક્ષાએ સંસારી જીવોના ભેદ જોયા. જીવસમાસ અને નામકર્મના આધારે સંસારી જીવોના અનેક પ્રકારોને મુખ્યત્વે અગીયાર પ્રકારમાં વહેંચી શકાય છે. તે જ રીતે સંસારી જીવોના અનેક પ્રકારોના દુઃખોને પણ અગીયાર પ્રકારમાં વહેંચી શકાય છે. અગીયાર પ્રકારના દુઃખોનું વર્ણન અગીયાર પ્રકારના સંસારી જીવોના આધારે આ વિભાગ : ૪ માં આપવામાં આવે છે. નીચેના કોઠામાં આ અગીયાર પ્રકારના સંસારી જીવો અને તેની સામે અગીયાર પ્રકાર પૈકી તેનું મુખ્ય પ્રકારનું દુઃખ તેમ જ તેનું વર્ણન કરનારો પ્રકરણ નંબર દર્શાવ્યો છે.

| ક્રમ | સંસારી જીવનો પ્રકાર | તેનાં મુખ્ય પ્રકારનાં દુઃખ | પ્રકરણ નંબર |
|---|---|---|---|
| ૧. | નિગોદ (સાધારણ કાય) | [illegible] | ૯ |
| ૨. | સ્થાવર (પ્રત્યેક કાય) | [illegible] | ૧૦ |
| ૩. | વિકલેન્દ્રિય | શારીરિક દુઃખ | ૧૧ |
| ૪. | પંચેન્દ્રિય તિર્યંચ | પરાધીનતાના દુઃખ | ૧૨ |
| ૫. | નારકી | નરકનાં દુઃખ | ૧૩ |
| ૬. | ભવનવાસી દેવ | કષાયજન્ય દુઃખ | ૧૪ |
| ૭. | વ્યંતરવાસી દેવ | માનસિક દુઃખ | ૧૫ |
| ૮. | જ્યોતિષી દેવ | વિષયજન્ય દુઃખ | ૧૬ |
| ૯. | વૈમાનિક દેવ | પુણ્યોદયજન્ય દુઃખ | ૧૭ |
| ૧૦. | અહમિન્દ્ર | [illegible] | ૧૮ |
| ૧૧. | મનુષ્ય | [illegible] | ૧૯ |


ઉપરોક્ત કોઠા અનુસાર આ વિભાગમાં સંસારી જીવ અને તેના મુખ્ય પ્રકારના દુઃખનું વર્ણન એક પછી એક પ્રકરણમાં આપવામાં આવે છે. દરેક પ્રકારના સંસારી જીવને દરેક પ્રકારનું દુઃખ હોય છે. તોપણ તે દુઃખનાં વર્ણનનું પુનરાવર્તન ન થાય તે માટે જે તે પ્રકારના સંસારી જીવ માટે તેના મુખ્ય પ્રકારના દુઃખનું વર્ણન લેવામાં આવ્યું છે. અહીં ખાસ કરીને દુઃખનું વર્ણન કરવાનો ઈરાદો છે. તેથી અહીં દરેક પ્રકારના સંસારીજીવનું સંક્ષિપ્ત વર્ણન કરી જેને જે પ્રકારનું મુખ્ય દુઃખ હોય તેનું વર્ણન વિસ્તારથી કરવામાં આવ્યું છે. સંસારી જીવના સંક્ષિપ્ત વર્ણનમાં પણ તેના ઈન્દ્રિય, પર્યાપ્તિ, આયુષ્ય, જન્મનો પ્રકાર, શરીર સંબંધી માહિતી, લેશ્યા, ગતિ, વેદ, તે પ્રકારના જીવની સાબિતી, ત્યાં ઉપજવાનું કારણ, ગતિ-આગતિ વગેરે બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આપણે સૌ મનુષ્ય છીએ અને બધાં પ્રકારના દુઃખોને ભોગવનાર છીએ તે બતાવવા માટે મનુષ્ય અને તેના દુઃખોનું વર્ણન ક્રમભંગ કરીને છેલ્લે રાખવામાં આવ્યું છે. સંસાર અને તેના સઘળાં પ્રકારનાં દુઃખોનો અભાવ કરવાનો ઉપાય મનુષ્યજીવનમાં છે તે માટે મનુષ્યજીવનનો સદુપયોગ આત્મહિત માટે કરવો જરૂરી છે. સંપૂર્ણ સંસાર દુઃખમય છે તે બાબત સમજી સંસાર પ્રત્યે વૈરાગ્ય લાવી આત્મહિતની પ્રેરણા પૂરી પાડે તે આ વિભાગનું મુખ્ય પ્રયોજન છે.

# પ્રકરણ : ૯

# નિગોદ અને તેના ભાવકલંકના દુઃખ

**પ્રકરણની રૂપરેખા**


○ પ્રાસ્તાવિક
+ નિગોદ એટલે શું ?
૧. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ-ભાવથી નિગોદનું અનંતપણું
૨. નિગોદના જીવનું સ્વરૂપ
+ કંદમૂળ શા માટે અભક્ષ્ય છે ?
○ અંતરિકા
૩. નિગોદનાં જીવના ભાવ કલંકના દુઃખ
૩.૧. ભાવ કલંક એટલે શું ?
૩.૨. ભાવ કલંક કઈ રીતે દુઃખરૂપ છે ?
૩.૨.૧ સ્વભાવનો ઘાત
૩.૨.૨ જ્ઞાનનું હીણાપણું
૩.૨.૩ કર્મનું બંધન
○ ઉપસંહાર

**एक निगोद शरीरे जीवा द्रव्य प्रमाणतो दृष्टाः ।**
**सिद्धैः अनन्तगुणाः सर्वेण व्यतीतकालेन ॥**

**ભાવાર્થઃ સમસ્ત સિદ્ધરાશિ તથા સંપૂર્ણ અતીત કાળના સમયોથી પણ અનંતગુણા અધિક જીવો એક નિગોદના શરીરમાં હોય છે.** (ગોમ્મટસાર : જીવકાંડ : ગાથા ૧૯૬)

## નિગોદ એટલે શું ?

**नि + गो + द =**

**नियतां निश्चितां +**
**गो भूमि, क्षेत्रं, निवासं अनंतानंत जीवानां +**
**ददाति इति निगोद**

**અર્થ : એક શરીરમાં એક સાથે અનંતાનંત જીવોને રહેઠાણ પૂરું પાડે તે નિગોદ છે.** (ગોમ્મટસાર : જીવકાંડ : ગાથા ૧૯૧ની ટીકા અને ષટ્ખંડાગમ : ભાગ ૧ : પાનું ૨૬૯)

સોયની અણીથી નાના એવા એક સૂક્ષ્મ શરીરમાં એક સાથે અનંત જીવો રહે તેવા અનંતકાયને નિગોદ કહે છે.

બીજી રીતે જોઈએ તો નિગોદ શબ્દ નિ + ગોદ એમ બે ભાગનો બનેલો છે. નિ એટલે નિશ્ચિત, નિયત કે નિત્ય થાય છે અને ગોદ એટલે ખોળો, સ્થાન, રહેઠાણ જેવો અર્થ થાય છે. તેના ઉપરથી સંસારી જીવનું નિત્યપણે નિશ્ચિત રહેવાનું સ્થાન તે નિગોદ છે.

એક સૂક્ષ્મ શરીરમાં અનંત જીવો એક સાથે રહે તેવા સંસારી જીવના કાયમી રહેઠાણના સ્થાન એવા નિગોદનું અનંતપણું દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ-ભાવ એમ સર્વ પ્રકારે છે. તે નીચે દર્શાવવામાં આવે છે.

## દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ-ભાવથી નિગોદનું અનંતપણું


**દ્રવ્યથી અનંતપણું :** સંસારી જીવો ત્રસ અને સ્થાવર એમ બે પ્રકારની કાયવાળા હોય છે. તે પૈકી સ્થાવર જીવો પણ પ્રત્યેક અને સાધારણ એમ બે પ્રકારની કાયવાળા હોય છે. એક શરીરમાં એક જ જીવ હોય તેને પ્રત્યેકકાય અને એક શરીરમાં એક સાથે અનંતજીવો હોય તેને સાધારણકાય કહે છે. સાધારણકાયના જીવો એ જ નિગોદ છે. નિગોદ સિવાયના બાકીના બધાં સંસારી જીવો પ્રત્યેક કાયના છે. પ્રત્યેકકાયના સઘળાં સંસારી જીવો કરતાંય નિગોદના એક શરીરમાં અનંતગણા અધિક જીવો હોય છે.

દર છ મહિના ને આઠ સમયના ગાળામાં છસો ને આઠ જીવો સિદ્ધદશાને પામે છે. અનાદિકાળથી આજ સુધીમાં આવા અનંત જીવો સિદ્ધદશાને પામ્યા છે. ભવિષ્યમાં પણ આવા અનંતાનંત જીવો સિદ્ધદશાને પામશે. ત્રણેય કાળની આ સમસ્ત સિદ્ધરાશિ કરતાંય અનંતગણા અધિક જીવો નિગોદનાં એક શરીરમાં હોય છે. આ બાબત નિગોદના જીવનું દ્રવ્યથી અનંતપણું બતાવે છે.


સોયની અણીથી પણ નાના આવા નિગોદના એક સૂક્ષ્મ શરીરમાં એક સાથે અનંત જીવો હોય છે તે દર્શાવતું ચિત્ર

**ક્ષેત્રથી અનંતપણું :** નિગોદનાં જીવો સૂક્ષ્મ અને બાદર એમ બે પ્રકારના છે. બાદર કે સૂક્ષ્મ કોઈ પણ નિગોદનાં જીવનું શરીર સૌથી નાનું અને અતિ સૂક્ષ્મ છે. નિગોદનાં એક શરીરમાં એક સાથે અનંત જીવો રહેલા હોય છે. સૂક્ષ્મ નિગોદનાં શરીર અને તેમાં રહેલા અનંત જીવોથી સંપૂર્ણ લોક વ્યાપ્ત છે. લોકાકાશનો એક પણ પ્રદેશ એવો નથી કે જ્યાં સૂક્ષ્મ નિગોદનાં જીવો ન હોય. તેથી

લોકાકાશનાં દરેક પ્રદેશે સૂક્ષ્મ નિગોદનાં અનંત જીવો રહેલા હોય છે. જે નિગોદનાં જીવનું ક્ષેત્રથી અનંતપણું સૂચવે છે.



**કાળથી અનંતપણું :** અનાદિકાળથી આજ સુધી કેટલાંય જીવો નિગોદમાંથી બહાર આવ્યા જ નથી. નિગોદમાંથી બહાર નીકળેલો સંસારી જીવ કદાચિત્ અન્ય સ્થાવર અને ત્રસ પર્યાયમાં આવે તોપણ બહુ થોડો કાળ રહી ફરી પાછો નિગોદમાં આવી જાય છે. નિગોદમાં ફરી પ્રવેશેલો જીવ અઢી પુદ્ગલ પરાવર્તન જેટલા ઉત્કૃષ્ટ કાળ સુધી નિગોદમાં રહે છે. જેમ કોઇ પથ્થરને આધાર હોય ત્યાં ઘણો કાળ રહે છે. તેમ આ જીવ એકેન્દ્રિયની પર્યાયમાં જ ઘણો કાળ રહે છે પણ બે થી પાંચ ઇન્દ્રિય સુધીની ત્રસ પર્યાયમાં તો બહુ થોડો જ કાળ રહે છે. અથવા બીજી રીતે જોઇએ તો કોઇ દિકરીનું કાયમી રહેઠાણનું સ્થાન પિયરીયું કે સાસરિયું જ હોય છે. તેમ આ જીવનું કાયમી રહેઠાણનું સ્થાન નિગોદ અથવા મોક્ષ જ છે. દિકરી બીજે ક્યાંય જાય તો બહુ થોડો જ સમય રોકાય છે તેમ આ જીવ અનાદિકાળથી પિયરીયા સમાન નિગોદમાં જ હોય છે. નિગોદમાંથી બહાર નીકળી તે મોક્ષમાં જાય તો સાદિ-અનંતકાળ સુધી મોક્ષમાં જ રહે છે. નહિતર ફરી પાછો નિગોદમાં આવી ત્યાં અનંતકાળ વીતાવે છે. નિગોદમાંથી નીકળેલો જીવ પ્રત્યેક કાયની સ્થાવર પર્યાયમાં વધુમાં વધુ અસંખ્યાત કલ્પકાળ અને ત્રસ પર્યાયમાં વધુમાં વધુ બે હજાર સાગર સુધી જ રહે છે. તે દરમ્યાન આત્મજ્ઞાન પામી મોક્ષે જાય તો ઠીક છે. નહિતર ફરી પાછો નિગોદમાં આવી અનંતકાળ સુધી નિગોદમાં જ રહે છે. જે કાળ અપેક્ષાએ નિગોદના જીવનું અનંતપણું દર્શાવે છે.

**ભવથી અનંતપણું :** સંસારી જીવની અમુક શરીરની અવસ્થામાં રહેવાની સ્થિતિને ભવ કહે છે. વિશ્વમાં સૌથી ઓછી સંખ્યા મનુષ્યની હોય છે. તેથી સંસારી જીવના મનુષ્યના ભવ સૌથી અલ્પ હોય છે. મનુષ્યના ભવ કરતાં નારકીના ભવ અસંખ્યાતગુણા અધિક હોય છે. નારકીથી બધા પ્રકારના દેવના ભવ અસંખ્યાતગુણા અધિક હોય છે. આ રીતે પંચેન્દ્રિય, ચતુરિન્દ્રિય, ત્રીન્દ્રિય, દ્વીન્દ્રિય તિર્યંચના ભવ ઉત્તરોત્તર અસંખ્યાતગુણા અધિક હોય છે. તેનાથી ઉત્તરોત્તર સંખ્યાતગુણા અધિક અગ્નિકાય, પૃથ્વીકાય, જલકાય, વાયુકાયના જીવ હોય છે. આ બધાંથી અનંતગુણા અધિક વનસ્પતિકાય અને તેમાંય સાધારણ વનસ્પતિકાય એટલે કે નિગોદના ભવ હોય છે. એટલે કે બીજી કોઈપણ ભવ કરતાં નિગોદના ભવ અનંતગણા અધિક હોય છે. આ બાબત નિગોદનું ભવથી અનંતપણું દર્શાવે છે.

**ભાવથી અનંતપણું :** સંસારી અજ્ઞાની જીવ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ-ભાવરૂપ પાંચ પરાવર્તન સતતપણે પામતો રહે છે. આ પાંચ પરાવર્તનમાં સૌથી મોટું ભાવપરાવર્તન છે. એક ભાવપરાવર્તન કરતાં ભવ-કાળ-ક્ષેત્ર-દ્રવ્યપરાવર્તન ઉત્તરોત્તર અનંતગણા અધિક હોય છે. ભાવપરાવર્તન યોગ્ય જીવના ભાવોમાં સૌથી મોટો હિસ્સો અશુભ ભાવનો અને તે પણ નિગોદ અને નિગોદ યોગ્ય ભાવનો છે. નિગોદનાં જીવમાં ભાવકલંકની પ્રચુરતા છે. ભાવપરાવર્તનના કારણભૂત બીજા કોઇ પણ ભાવ કરતાં નિગોદનો ભાવ અનંતગણો અધિક છે. ભાવપરાવર્તનનાં કારણભૂત ભાવમાં મનુષ્ય, નારકી, દેવ, અને પશુના ભાવ ઉત્તરોત્તર અસંખ્યાતગણા છે. પણ તેના કરતાં અનંતગણો ભાવ નિગોદનો છે. જે ભાવ અપેક્ષાએ નિગોદનું અનંતપણું બતાવે છે.


ઉપર મુજબ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ-ભાવ એમ સર્વ પ્રકારે નિગોદનાં જીવનું અનંતપણું છે. નિગોદનાં જીવોના અનંતપણાના કારણે દર છ મહિના ને આઠ સમયે છસો ને આઠ જીવો મોક્ષે જતા હોવા છતાં સંસારી જીવોની સંખ્યા ઓછી થતી નથી.

**પ્રશ્ન :** દર છ મહિના ને આઠ સમયે છસો ને આઠ જીવો મોક્ષે જતા રહે તો સંસારી જીવોની સંખ્યા તેટલી ઓછી થતી જાય અને છેવટે શૂન્ય થઈ જાય. તેમ કેમ ન બને ?

**ઉત્તર :** આ જગતમાં અનંત સિદ્ધ ભગવંતો કરતાંય અનંતાનંતગણા નિગોદનાં જીવો છે. દર છ મહિના ને આઠ સમયે છસો ને આઠ જીવો મોક્ષે જાય છે અને તેટલાં જ જીવો નિત્ય નિગોદમાંથી બહાર નીકળી વ્યવહાર રાશિમાં આવે છે. તેથી વ્યવહાર રાશિના જીવો એટલે કે ઇતર નિગોદ, પ્રત્યેક કાયના સ્થાવર અને ત્રસના જીવો હંમેશાં જેટલાં ને તેટલાં બન્યા રહે છે. વ્યવહાર રાશિના જીવોમાંથી છસો ને આઠ મોક્ષે જાય છે અને તેટલાં જ જીવો નિત્ય નિગોદમાંથી વ્યવહાર

રાશિમાં પ્રવેશે છે. આથી વ્યવહાર રાશિના સંસારી જીવોની સંખ્યા નિયત જ રહ્યા કરે છે. અને તેમાં કોઇ વધ-ઘટ થતી નથી.

નિત્ય નિગોદનાં જીવોમાંથી દર છ મહિના ને આઠ સમયે છસો ને આઠ જીવો ઓછા થાય છે અને તેટલાં જ જીવો મોક્ષ દશામાં વધી જાય છે. તેમ છતાં નિગોદનાં અને મોક્ષના જીવોની સંખ્યા અનંત જ બની રહે છે. નિગોદનાં જીવોનું અનંતપણું ક્યારેય મટી જતું નથી. તેનું કારણ નિગોદના જીવો પારમાર્થિકપણે અનંત એટલે કે અક્ષય-અનંત છે. આ અનંત જીવોમાંથી અનંત જીવો ઓછા થાય તોપણ બાકીના જીવો અનંત જ રહે છે. અનંતનું ગણિત જ આ પ્રકારનું છે. તે જ રીતે સિદ્ધરાશિમાં દર છ મહિના ને આઠ સમયે છસો ને આઠ જીવો વધતા જાય છે. આ રીતે અનંત સિદ્ધ ભગવંતોમાં બીજા અનંત સિદ્ધો ઉમેરાય તોપણ તે અનંત જ રહે છે.




સંસારી જીવોની સંખ્યા ગમે તેટલી ઓછી થાય તોપણ તે ક્યારેય શૂન્ય થતી નથી અને અનંત જ રહે છે અને સિદ્ધ રાશિના અનંત જીવોમાં બીજા ગમે તેટલાં જીવો ઉમેરાય તોપણ તે અનંત જ રહે છે. એક સિદ્ધ ભગવાન હોય ત્યાં બીજા અનંત સિદ્ધ ભગવંતો પણ હોય છે અને નિગોદનાં એક શરીરમાં ત્રણેય કાળની સમસ્ત સિદ્ધરાશિ કરતાંય અનંતગણા જીવો હોય છે.

**પ્રશ્ન : નિગોદનું શરીર કેવડું છે કે જેમાં એક સાથે અનંત જીવો રહે છે ?**

**ઉત્તર :** નિગોદનું શરીર એકદમ નાનું અને સૂક્ષ્મ છે. આકાશનાં અસંખ્ય પ્રદેશને રોકનારૂં હોવા છતાં નિગોદનાં શરીરથી વધુ નાનું કે સૂક્ષ્મ બીજું કોઇ શરીર નથી. જગતમાં સૌથી વધુ નાનું અને સૂક્ષ્મ શરીર નિગોદનું છે. સોયની અણીની ટોચ ઉપર રહી શકે તેવા બટાકાનાં નાના ટુકડા જેવી બારીક કંદમૂળની કટકીમાં અસંખ્યાત અંડર આવેલાં છે. એક-એક અંડરમાં અસંખ્યાત પ્રતર અને એક-એક પ્રતરમાં અસંખ્યાત અસદ આવેલા છે. એક-એક અસદમાં નિગોદનાં જીવના અસંખ્યાત શરીર સમાયેલાં છે. નિગોદનું શરીર આવું સૂક્ષ્મ છે કે જેને સૂક્ષ્મદર્શન યંત્રથી પણ જોઈ શકાય નહિ.

ભારત જેવા એક દેશમાં અનેક શહેરો, એક-એક શહેરમાં અનેક પરાઓ, એક-એક પરામાં અનેક સોસાયટીઓ અને એક-એક સોસાયટીમાં અનેક આવાસો હોય છે. તેમ કંદમૂળની સોયની અણી ઉપર આવી શકે તેવી એક નાનકડી કટકીમાં અનેક અંડરો, એક-એક અંડરમાં અનેક પ્રતરો, એક-એક પ્રતરમાં અનેક અસદો અને એક-એક અસદમાં અનેક શરીરો હોય છે.

નિગોદનાં શરીરની સૂક્ષ્મતાને ચિત્ર દ્વારા દર્શાવવું હોય તો તે માટે સોયના અગ્રભાગ જેટલી નાની જગ્યા ઉપર રહી શકે તેવા બટાકાની એક કટકી વિચારો. બટાકાની આ કટકીમાં અસંખ્યાત અંડર આવેલા છે. અંડર એટલે ગોળા. આ અસંખ્યાત અંડરમાંથી એક અંડર લ્યો. આ એક અંડરમાં અસંખ્યાત પ્રતર આવેલા છે. પ્રતર એટલે નાના ગોળા. આ અસંખ્યાત પ્રતરમાંથી એક પ્રતર લ્યો. આ પ્રતરમાં અસંખ્ય અસદ આવેલા છે. અસદ એટલે એકદમ બારીક ગોળા. આ અસંખ્યાત અસદમાંથી એક અસદ લ્યો. આ એક અસદમાં નિગોદનાં જીવના અસંખ્યાત શરીર આવેલા છે. નિગોદનાં આ પ્રત્યેક શરીરમાં અનંતાનંત જીવો રહેલા છે.

**પ્રશ્ન : નિગોદના એક શરીરમાં એક સાથે અનંત જીવો કેમ રહી શકે ?**

**ઉત્તર :** જીવના સંકોચ-વિસ્તાર સ્વભાવને કારણે લોકાકાશ પ્રમાણ અસંખ્ય પ્રદેશી જીવ સંકોચાઇને નિગોદનાં સૂક્ષ્મ શરીરમાં પણ રહી શકે છે. તે જ જીવ વિસ્તાર પામીને લોકાકાશ પ્રમાણ પણ થઇ શકે છે. કેવળી સમુદ્‌ઘાત સમયે જીવ લોકાકાશ પ્રમાણ થતો હોય છે.

વળી જીવો પરસ્પર એકબીજાને અવગાહન આપે છે અને તેના કારણે એક શરીરમાં અનંત જીવો એક સાથે રહી શકે છે. સિદ્ધ ભગવાન પણ પરસ્પર અવગાહનને કારણે એક જ જગ્યાએ અનંત સિદ્ધોના અમુક પ્રદેશો એક સાથે હોય છે. પરસ્પર અવગાહનના કારણે લોકાકાશના દરેક પ્રદેશે છયે છ દ્રવ્યો રહેલાં હોય છે.

આ રીતે સંકોચ-વિસ્તાર સ્વભાવ અને પરસ્પર અવગાહનને કારણે નિગોદના એક શરીરમાં એક સાથે અનંત જીવોને માની શકાય છે.



**પ્રશ્ન : નિગોદનાં એક શરીરમાં અનંત જીવો એક સાથે હોય તે કઈ રીતે માની શકાય ?**

**ઉત્તર :** વનસ્પતિના એકેન્દ્રિય જીવોમાં જે સાધારણ કાયના હોય તેને નિગોદ કહે છે. નિગોદના એક શરીરમાં અનંત જીવો એક સાથે રહેતા હોય તેને સાધારણ વનસ્પતિકાયના જીવો કહે છે. સાધારણ વનસ્પતિકાયના એટલે કે નિગોદનાં જીવો— બાદર અને સૂક્ષ્મ એમ બે પ્રકારના છે. ડુંગળી, બટાકા, લસણ જેવા કંદમૂળ તેમ જ લીલ, શેવાળ વગેરેના જીવો બાદર પ્રકારના છે. આવી બધી વનસ્પતિ સજીવ છે તેમ અત્યારનું લૌકિક વિજ્ઞાન પણ સ્વીકારે છે. સૂક્ષ્મ નિગોદનાં જીવો સંપૂર્ણ લોકમાં વ્યાપ્ત છે તેમ જ તે કોઇનાથી બાધિત થયા વિના ગમે ત્યાંથી પસાર થઇ જાય તેવા સૂક્ષ્મ હોવાથી તેને જોઇ શકાતા નથી. તોપણ તે વનસ્પતિકાય હોવાથી સજીવપણે સ્વીકારી શકાય છે.

અનંત સિદ્ધ ભગવંતો કરતાંય સંસારી જીવો અનંતાનંતગણા અધિક છે અને તે બધાં લોકાકાશમાં રહે છે. લોકાકાશના પ્રદેશો અસંખ્ય છે અને તેમાં રહેનારા જીવો અનંત છે. લોકના અસંખ્ય પ્રદેશોમાં અનંત જીવો રહી શકે તે માટે એક શરીરમાં એક સાથે અનંત જીવો હોય તેવા અનંતકાયના પણ સંસારી જીવો જરૂરી છે અને તે નિગોદના જીવો છે. નિગોદનું શરીર અતિ સૂક્ષ્મ હોવા છતાં તે એક શરીરમાં અનંત જીવો રહેલા છે.

લોકના અગ્રભાગે સિદ્ધશિલા ઉપર બિરાજતા અશરીરી સિદ્ધભગવંતો પણ એક જગ્યાએ એક સાથે અનંત હોય છે તે સમજી શકાય છે. તેમ સશરીરી સંસારી જીવોમાં પણ એક શરીરમાં અનંત જીવો હોય તેમ માની શકાય છે.

સંસારી જીવના ઉત્પત્તિના સ્થાન ૮૪ લાખ પ્રકાર માનવામાં આવે છે. જેને સંસારની ૮૪ લાખ યોનિ કહે છે. કેટલાંક અન્ય મતો પણ સંસારી જીવની ૮૪ લાખ યોનિને સ્વીકારે છે. આ ૮૪ લાખ યોનિમાં ૧૪ લાખ યોનિ નિગોદનાં જીવોની છે. નિગોદના જીવોની ગણત્રી વિના ૮૪ લાખ યોનિનો તાળો મળે નહિ. નિગોદના જીવો એટલે સાધારણ વનસ્પતિના અનંતકાયના જીવો છે. નિગોદના જીવોને અનંતકાયના એટલે કે એક શરીરમાં અનંત જીવોને માનવા જરૂરી છે અને ન માનવામાં આવે તો મોટો દોષ આવે છે.

**પ્રશ્ન : નિગોદનાં જીવોને અનંતકાયના ન માનવામાં આવે તો શો મોટો દોષ આવે છે ?**

**ઉત્તર :** સંસારી જીવોમાંથી દર છ મહિના ને આઠ સમયે છસો ને આઠ જીવો મોક્ષે જાય છે. મોક્ષે ગયેલા જીવો ફરી પાછા સંસારમાં આવતા નથી. સંસારી જીવોમાં અનંતકાયના નિગોદના જીવોને માનવામાં ન આવે તો અમુક કાળ પછી બધાં સંસારી જીવો મોક્ષે જાય અને તેથી સંસારનો જ અભાવ થાય. અને સંસારનો અભાવ થાય તો મોક્ષનો પણ અભાવ થાય. પરંતુ જગતમાં કોઇપણ બાબત તેના વિરોધીના અસ્તિત્વવાળી જ હોય છે. તેથી જગતમાં મોક્ષ છે તો સંસાર પણ છે અને સંસાર છે તો મોક્ષ પણ છે. તેથી સંસાર કે મોક્ષ એ બેમાંથી એકેયનો અભાવ શક્ય નથી. તેથી સંસારમાંથી ગમે તેટલા જીવો મોક્ષે જાય તોપણ સંસારનો અભાવ થતો નથી અને તે માટે સંસારી જીવોમાં અનંતકાયના એટલે કે એક શરીરમાં એક સાથે અનંત જીવો હોય તેવા નિગોદનાં જીવોને સ્વીકારવા જરૂરી છે.

જેમની માન્યતામાં જીવોની સંખ્યા અનંત નથી પણ પરિમિત છે, તેમની માન્યતામાં મોક્ષે ગયેલા જીવને પણ ફરી પાછા સંસારમાં અવતાર લેતા બતાવતા પડે છે. જે મોક્ષના સ્વરૂપથી તદ્દન વિપરીત છે. મોક્ષે ગયેલો જીવ ફરી પાછો સંસારમાં અવતાર ધારણ કરી જન્મ અને મરણ પામે તે મોક્ષનું સ્વરૂપ જ નથી.

ઉપર મુજબ અનંતકાયના જીવોને ન માનવાથી સંસારનો જ અભાવ થાય અથવા મોક્ષ પામેલા જીવને ફરી પાછો સંસારમાં અવતાર ધારણ કરવા જેવો મોટો દોષ આવે છે.

આ રીતે નિગોદનાં જીવો અને તેનું અનંતકાયપણું સિદ્ધ થાય છે.

## નિગોદનાં જીવનું સ્વરૂપ

અનંતકાયના જીવોને નિગોદ કહે છે. તેનું સંક્ષિપ્ત સ્વરૂપ નીચે મુજબ છે.

**પર્યાપ્તિ** : નિગોદનાં જીવો એક માત્ર સ્પર્શેન્દ્રિય ધરાવનાર હોવાથી તેઓ એકેન્દ્રિય છે. એકેન્દ્રિય હોવાને કારણે તેમને આહાર, શરીર, ઇન્દ્રિય અને શ્વાસોચ્છ્વાસ એ ચાર પ્રકારની પર્યાપ્તિ હોય છે.

**આયુ** : નિગોદના જીવોનું જઘન્ય તેમ જ ઉત્કૃષ્ટ આયુષ્ય અંતર્મુહૂર્ત છે. નિગોદના જીવો પૈકી જેઓ લબ્ધિ અપર્યાપ્તક કે લબ્ધ્યપર્યાપ્તક હોય તેનું આયુષ્ય ઉચ્છ્વાસના અઢારમાં ભાગ જેટલું અત્યંત ટૂંકું છે. ઉચ્છ્વાસનો અઢારમો ભાગ એટલે કે લગભગ બે સેકન્ડના ગાળામાં તેઓ અઢાર વખત જન્મ અને મરણ પામે છે.



**શરીરનું સ્વરૂપ** : નિગોદનાં જીવના શરીરનો કોઇ નિશ્ચિત આકાર હોતો નથી. તેનું શરીર આહાર વર્ગણામાંથી રચાયેલ ઔદારિક છે પરંતુ ખૂબ જ નાનું હોય છે. નિગોદના એક સૂક્ષ્મ શરીરમાં પણ અનંતજીવો એક સાથે રહેતા હોય છે તેથી તેને અનંતકાયનું કહેવાય છે. નિગોદનું શરીર સાધારણ વનસ્પતિકાયનું પણ કહેવાય છે. અનંત જીવોનું એક જ સાધારણ શરીર હોવા છતાં દરેકનું કાર્માણ શરીર જુદું જુદું હોય છે.

**જન્મનો પ્રકાર** : નિગોદનાં જીવનો જન્મનો પ્રકાર સમ્મૂર્ચ્છન છે. અહીં તહીંના પરમાણુઓ ભેગા મળીને નિગોદનું શરીર રચે છે, જેમાં જુદી જુદી જગ્યાએથી આવેલા અનંત જીવો એક સાથે ઉપજે છે અને એક સાથે મરી જુદી જુદી જગ્યાએ ફરી જન્મ પામે છે.

**પ્રકાર** : જુદી જુદી અપેક્ષાએ નિગોદના જીવ છ પ્રકારે છે. **૧. બાદર ૨. સૂક્ષ્મ ૩. નિત્ય ૪. ઇતર ૫. અક્ષય અનંત અને ૬. મહા નિગોદ.**

નિગોદના જીવોની શરીરની સ્થિતિના આધારે નિગોદનાં બે પ્રકાર બાદર અને સૂક્ષ્મ છે. નિગોદનું એક શરીર ખૂબ જ નાનું હોવાથી કદની દૃષ્ટિએ સૂક્ષ્મ હોવા છતાં ડુંગળી, બટાકા વગેરેના નિગોદનાં જીવો બીજાથી બાધિત થાય છે. તેથી તેને બાદર નિગોદનાં જીવો કહે છે. નિગોદનું શરીર ઔદારિક હોવાથી તે રીતે તે સ્થૂળ હોવા છતાં કેટલાક નિગોદનાં જીવો કોઇનાથી બાધિત ન થાય તેવા અને ગમે ત્યાંથી પસાર થઇ જાય તેવા હોય છે. તેને **સૂક્ષ્મ** નિગોદનાં જીવો કહે છે. સૂક્ષ્મ નિગોદના જીવોથી સંપૂર્ણ લોક વ્યાપ્ત છે.

નિગોદનાં જીવોની નિગોદમાં રહેવાની કાળની અપેક્ષાએ બે પ્રકાર છે- નિત્ય નિગોદ અને ઇતર નિગોદ. અનાદિકાળથી આજ સુધી જે જીવો નિગોદમાંથી બહાર નીકળ્યા જ નથી તેમને **નિત્ય નિગોદના** જીવો કહે છે. નિત્ય નિગોદના અનંતાનંત જીવો નિગોદમાંથી ક્યારેય બહાર નીકળી પ્રત્યેકકાયના સ્થાવર કે ત્રસની પર્યાયને પ્રાપ્ત થયા નથી. છ મહિનાને આઠ સમયે માત્ર છસોને આઠ જીવો નિત્ય નિગોદમાંથી બહાર નીકળે છે. નિગોદમાંથી એક વાર બહાર નીકળ્યા પછી ફરીવાર નિગોદમાં આવેલા જીવને ઇતર **નિગોદના** જીવો કહે છે. કોઇ ભાંડભૂંજો તાવડામાં ચણા શેકતો હોય તેમાં કોઇ ચણો ઊંચો ઊછળી થોડો સમય ઊંચો રહી ફરી પાછો તાવડામાં આવી જાય છે. તેમ નિત્ય નિગોદમાંથી નીકળેલા જીવ થોડા સમય પૂરતો પ્રત્યેકકાયના સ્થાવર અને ત્રસની અવસ્થા ધારણ કરી ફરી પાછો નિગોદમાં આવી જાય છે તે ઇતર નિગોદ છે.

નિત્ય નિગોદનાં અનંતાનંત જીવો એવા છે કે જે ક્યારેય નિગોદમાંથી બહાર નીકળશે જ નહિ અને કાયમ માટે નિગોદમાં જ રહેશે તેને **અક્ષય અનંત** નિત્ય નિગોદનાં જીવો કહે છે.

ત્રણ લોકના તળીયે સાતમી નરકની નીચે માત્ર નિગોદનાં જીવો જ હોય છે અને **નિગોદ** સિવાય અન્ય કોઇ પ્રકારના જીવો હોતા નથી તેને **મહા નિગોદનાં** જીવો કહે છે.

**નિગોદમાં ઉપજવાનું કારણ** : પોતાના સ્વરૂપનો અત્યંત અનાદર કરનાર, જ્ઞાની ધર્માત્માની વિરાધના કરનાર, તીવ્ર કષાયી, વિષયોમાં અતિ આસક્ત અને મહા મિથ્યાત્વી જીવો નિગોદમાં જન્મ ધારણ કરે છે. મુખ્યત્વે ભાવકલંકની પ્રચુરતા જ જીવને નિગોદમાં જન્મ ધારણ કરાવે છે અને ભાવ કલંકની પ્રચુરતાના કારણે જ નિગોદનો જીવ અનંતકાળ સુધી

નિગોદવાસને છોડતો નથી. અનંતકાળ સુધી કર્મોને ખપાવ્યા પછી કોઇક જ જીવ મહાભાગ્યે અને મહાકષ્ટે નિગોદમાંથી બહાર નીકળી પ્રત્યેક કાયની સ્થાવર કે ત્રસ પર્યાયને પ્રાપ્ત થાય છે. ત્રસ પર્યાયમાં પણ મનુષ્ય પર્યાયને પ્રાપ્ત સંસારી જીવ જો આત્મહિતનો ઉપાય કરી સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે તો સંસારચક્રમાંથી બહાર નીકળી સાદિ-અનંત સુખની મોક્ષદશાને પ્રાપ્ત થાય છે અને જો મનુષ્ય પર્યાયનો ઉપયોગ કંદમૂળ જેવા અભક્ષ્યનો આહાર કરી વિષય-કષાયમાં વીતાવે તો ફરી પાછો તે કંદમૂળમાં જ એટલે કે નિગોદમાં જન્મે છે. અને ત્યાં અનંતકાળ સુધી અનંત દુઃખો ભોગવે છે.

### કંદમૂળ શા માટે અભક્ષ્ય છે ?



**પ્રશ્ન :** શા માટે કંદમૂળ અભક્ષ્ય છે ? અને કંદમૂળનું ભક્ષણ કરનાર ભવિષ્યમાં તે કંદમૂળમાં જ જન્મશે?

**ઉત્તર :** જેના ભક્ષણથી મોટી દ્રવ્યહિંસા કે ભાવહિંસા બને તેને અભક્ષ્ય કહેવાય છે. કંદમૂળ એ અનંતકાય હોવાથી તેના ભક્ષણથી અનંત જીવોની હિંસારૂપ ઘણી મોટી દ્રવ્યહિંસા થાય છે. કંદમૂળનું ભક્ષણ એ ખાવા-પીવાની તીવ્ર આસક્તિ વગર હોતું નથી. આ ખાવા-પીવાની આસક્તિ એ જ આત્માની ભાવહિંસા છે. આ રીતે કંદમૂળનું ભક્ષણ એ ઘણી મોટી દ્રવ્યહિંસા તેમ જ ભાવહિંસાનું કારણ હોવાથી તે અભક્ષ્ય છે.

ખાવા-પીવાની તીવ્ર આસક્તિ અને હિતાહિતનો વિવેક ન હોય તેવા અજ્ઞાની મિથ્યાત્વી જીવને જ ડુંગળી, લસણ, બટાકા, સૂરણ, ગાજર, મૂળા, સક્કરિયા, લીલી હળદર, આદુ જેવા કંદમૂળનો આહાર હોય છે. કંદમૂળ જેવા અનંતકાયના નિગોદનાં જીવનું ભક્ષણ કરનાર મનુષ્ય પોતાના પેટને અનંત જીવોનું કબ્રસ્તાન બનાવી દે છે. નિગોદના અનંત જીવોમાં પોતાના પૂર્વના માતા-પિતા અને બીજા સગા-સંબંધીઓ હોય તેવું પણ બને છે. નિગોદના અનંત જીવોની દ્રવ્યહિંસા કરતાંય અંદરમાં ખાવા-પીવાની લોલુપતાના કારણે થતી ભાવહિંસા અને તેનું પાપ મોટું છે. અને તેથી ય મોટું પાપ મિથ્યાત્વનું છે. કંદમૂળ ખાવાની લાલસા છોડી ન શકનાર જીવ મિથ્યાત્વની વાસના છોડી શકતો નથી અને મિથ્યાત્વી જીવ પરંપરાએ નિગોદનો જ અધિકારી થાય છે.

મિથ્યાત્વી જીવ ત્રસ પર્યાયમાં વધુમાં વધુ બે હજાર સાગર સુધી રહી શકે છે અને ત્યારબાદ ફરીથી તે નિગોદમાં ચાલ્યો જાય છે. કંદમૂળ જેવા અભક્ષ્યનું ભક્ષણ કરનાર જીવ પોતાનું મિથ્યાત્વ મટાડી શકે તેવી પાત્રતા રાખતો નથી અને મિથ્યાત્વના ફળમાં જીવ પરંપરાએ નિગોદમાં જાય છે. આથી કંદમૂળ જેવા અભક્ષ્યનું ભક્ષણ કરનાર ભવિષ્યમાં કંદમૂળમાં જ એટલે કે નિગોદમાં જ જન્મશે.

### નિગોદનાં જીવના સ્વરૂપની અંચલિકા

એક સૂક્ષ્મ શરીરમાં એક સાથે અનંત જીવો રહે તેવા અનંતકાયને નિગોદ કહે છે. અનાદિકાળથી જીવ નિત્ય નિગોદમાં જ હોય છે. નિત્ય નિગોદમાંથી દર છ મહિના ને આઠ સમયમાં છસો ને આઠ જીવ બહાર નીકળી પ્રત્યેક કાયની સ્થાવર અને ત્રસ પર્યાયમાં આવે છે. પ્રત્યેકકાયની સ્થાવર પર્યાયમાં વધુમાં વધુ અસંખ્યાત કલ્પકાળ સુધી અને ત્રસ પર્યાયમાં વધુમાં વધુ બે હજાર સાગર સુધી તે જીવ રહી શકે છે. ત્રસ પર્યાયમાં પણ આત્મહિતને અનુકૂળ મનુષ્યના વધુમાં વધુ આઠ પુરુષ અને આઠ સ્ત્રીના અવતાર ધારણ કરી શકે છે. મનુષ્યની દુર્લભ પર્યાયનો સદુપયોગ આત્મહિત માટે કરી સમ્યક્ત્વને સાધે તો તે મોક્ષમાર્ગ અને મોક્ષદશાને પામી સંસારમાંથી બહાર નીકળી જાય છે. એકવાર મોક્ષે ગયેલો જીવ ફરી પાછો સંસારમાં આવતો નથી. તેથી તેને સંસારનો અભાવ થાય છે.

જેમ બીજ બળી ગયા પછી તેમાંથી અંકુર ઉત્પન્ન થતો નથી તેમ આત્માનું મિથ્યાત્વ રૂપી બીજ બળી ગયા પછી તેમાંથી સંસારરૂપી અંકુર ઉત્પન્ન થતો નથી. સંસારનો નાશ કરવા માટે મનુષ્ય પર્યાયનો સદુપયોગ મિથ્યાત્વને મટાડી સમ્યક્ત્વને પ્રાપ્ત કરવા માટે કરવો જોઇએ. જો તેમ ન થાય તો ત્રસ પર્યાયનો બે હજાર સાગરનો કાળ પૂરો થતાં જીવ ફરી પાછો નિગોદમાં ચાલ્યો જઇ તેનાં સંસારચક્રને ચાલુ રાખે છે.


દર છ મહિના ને આઠ સમયમાં છસો ને આઠ મનુષ્ય

મોક્ષ પામે છે અને તેટલાં જ જીવો નિત્ય નિગોદમાંથી બહાર નીકળી વ્યવહાર રાશિમાં આવે છે. તેથી વ્યવહાર રાશિના સંસારી જીવો કાયમ માટે જેટલાં ને તેટલાં જ બન્યા રહે છે. પં. બનારસીદાસના શબ્દોમાં–

एक निगोद शरीर में ऐते जीव बखान ।
तीन काल के सिद्ध सब एक अंश परमान ।।
बढै न सि द्ध अनन्तता, घटै न राशि निगोद ।
जैसी की तैसी रहै, यह जिन वचन विनोद ।।

**ભાવાર્થ : જિન વચન અનુસાર ત્રણેય કાળના અનંત સિદ્ધ ભગવંતો કરતાંય અનંતાનંત જીવો નિગોદના એક શરીરમાં હોય છે. આ કારણે અનાદિકાળથી પ્રત્યેક છ મહિના ને આઠ સમયમાં છસો ને આઠ જીવો મોક્ષમાં જતા રહેતા હોવા છતાં સિદ્ધ ભગવંતોની સંખ્યા વધતી જણાતી નથી અને નિગોદના એક શરીરમાં રહેલા જીવોની સંખ્યા ઘટતી જણાતી નથી.** (બનારસી વિલાસ : કડી નં ૯૭, ૯૮)

## નિગોદનાં જીવના ભાવકલંકના દુઃખ



सन्ति अनन्ता जीवा यैर्न प्राप्तः त्रसानां परिणामः।
भावकलंकसुप्रचुरा निगोदवासं न मुंचन्ति ।।


**ભાવાર્થ :** પોતાના ભાવકલંકની પ્રચુરતાના કારણે નિગોદનાં જીવો નિગોદવાસને છોડતા નથી. તેથી એવા અનંતાનંત જીવો છે કે જેણે અનાદિકાળથી આજ સુધીમાં ક્યારેય ત્રસ પર્યાયને પ્રાપ્ત કરી નથી અને અનાદિકાળથી અનંત દુઃખને ભોગવતા રહ્યા છે. (ગોમ્મટસાર : જીવકાંડ : ગાથા ૧૯૭)

સંસારી જીવને શારીરિક, માનસિક, કર્મજન્ય, જન્મ-મરણના એમ અનેક પ્રકારના દુઃખો છે. આ દરેક પ્રકારના દુઃખો દરેક પ્રકારના સંસારી જીવને વધતે-ઓછે અંશે હોય જ છે. આ બધા દુઃખોમાં સૌથી મોટું દુઃખ ભાવકલંકનું છે. નિગોદનાં જીવોમાં ભાવકલંકની પ્રચુરતા હોવાથી ભાવકલંકનાં દુઃખની મુખ્યતા છે.

ભાવકલંકની પ્રચુરતાના કારણે નિગોદનો જીવ નિગોદવાસને છોડી શકતો નથી અને અનંતકાળ સુધી ભાવકલંકનાં કારણે થતા નિગોદના દુઃખોને ભોગવે છે.

નિગોદનાં એક શરીરમાં અનંત જીવો સંકડાઇને એક સાથે રહે છે. નિગોદના જીવો પૈકી જેઓ લબ્ધિ અપર્યાપ્તક છે તેઓ એક ઉચ્છ્વાસ એટલે કે લગભગ બે સેકન્ડ જેટલાં સમયમાં ૧૮ વખત જન્મ-મરણ પામે છે. અને એક અંતર્મુહૂર્ત એટલે કે અડતાલીસ મિનિટથી ઓછા સમયમાં લગભગ ૬૬૩૩૬ વાર જન્મ-મરણ પામે છે.જન્મનું દુઃખ અનંત હોય છે અને મરણનું દુઃખ જન્મના દુઃખથીય અનંતગણું હોય છે. નિગોદનો જીવ આવા જન્મ-મરણના દુઃખ નિરંતર ભોગવે છે. નિગોદનાં જીવને એક માત્ર સ્પર્શેન્દ્રિય છે. અને જ્ઞાનનો અત્યંત અલ્પ ઉઘાડ છે. જ્ઞાનનાં અલ્પ ઉઘાડના કારણે તેની હયાતિનો સ્વીકાર પણ થઇ શકતો નથી. તેથી કંદમૂળમાં રહેલા નિગોદનાં જીવને કોઇ કાપે છે, બાફે છે, ગરમ તેલમાં ઉકાળે છે વગેરે જોઇ શકાય છે. આવા બધાં દુઃખો કરતાંય નિગોદનાં જીવનું સૌથી મોટું દુઃખ તેના ભાવકલંકનું છે. આ ભાવકલંક અને તેના દુઃખ વિષે આપણે સમજીએ.

## ભાવકલંક એટલે શું ?



બદનામી, લાંછન, બટ્ટો, આળ, ડાઘ વગેરેને કલંક કહે છે. પોતાના આત્મસંબંધી કલંકને ભાવકલંક કહે છે. આત્માનો મોહ, મિથ્યાત્વ, કષાય જેવા વિકારીભાવો એ આત્માનું ભાવકલંક છે. આ ભાવકલંકમાં નિમિત્તરૂપ હોય તેવા પૌદ્‌ગલિક દ્રવ્યકર્મના ઉદયને દ્રવ્યકલંક કહે છે.


સઘળાં અજ્ઞાની સંસારી જીવો ભાવકલંક સહિતના જ હોય છે. પણ ભાવકલંકની પ્રચુરતા નિગોદનાં જીવોમાં છે. ભાવકલંકની પ્રચુરતાના કારણે નિગોદનાં જીવો મહા મિથ્યાત્વી અને તીવ્ર કષાયી હોય છે. નિગોદના જીવની ભાવકલંકની પ્રચુરતામાં નિમિત્તપણે તેમના દ્રવ્યકલંકની પ્રચુરતા છે. દ્રવ્યકલંકની પ્રચુરતાના કારણે તેમના જૂના કર્મનો ઉદય ઘણો આકરો હોય છે. અત્યંત આકરા કર્મના

ઉદયના કારણે તેમના કષાયના પરિણામ અત્યંત પ્રબળ બને છે અને તેથી નિરંતર નવા પ્રબળ પાપકર્મનો બંધ કરતો રહેવાથી નિગોદનો જીવ નિગોદમાં જ રહ્યા કરે છે. અને અનંતકાળ સુધી નિગોદમાંથી બહાર નીકળી શકતો નથી. અને તે દરમ્યાન ભાવકલંકનાં અનંત દુઃખો ભોગવે છે.

નિગોદના જીવની ભાવકલંકની પ્રચુરતા તેના દુઃખની જ પ્રચુરતા બતાવે છે. તેથી સંસારી પ્રાણીઓમાંથી સૌથી વધુ દુઃખી નિગોદનો જીવ છે. નિગોદના જીવનું ભાવકલંક તેને કઇ રીતે દુઃખરૂપ છે તે આપણે સમજીએ.


## ભાવકલંક કઈ રીતે દુઃખરૂપ છે ?

સઘળો સંસાર દુઃખરૂપ છે અને તેમાં ક્યાંય સુખ નથી. તોપણ આ સંસારમાં સૌથી વધુ દુઃખી કોઇ હોય તો તે નિગોદનો જીવ છે. નિગોદનો જીવ અનંતકાળ સુધી અનંત પ્રકારનું દુઃખ ભોગવે છે. આ સઘળું દુઃખ તેના ભાવકલંકને કારણે છે. નિમિત્તની અપેક્ષાએ જોવામાં આવે તો નિગોદનાં જીવનું દુઃખ તેના તીવ્ર અશુભ કર્મના ઉદયરૂપ દ્રવ્યકલંકનાં કારણે છે. પણ વાસ્તવમાં જોઇએ તો જેમ સિદ્ધ ભગવાનનું અનંત સુખ કોઇ સંયોગરૂપ નિમિત્તનાં કારણે નહિ પણ પોતાના સહજ સ્વભાવને કારણે હોવાથી 'સ્વભાવસિદ્ધ' છે. તેમ નિગોદના જીવનું અનંત દુઃખ તેના તીવ્ર કર્મોદયરૂપ દ્રવ્યકલંકનાં સંયોગરૂપ નિમિત્તનાં કારણે નહિ પણ પોતાના તીવ્ર મોહ અને મિથ્યાત્વના પરિણામરૂપ ભાવકલંકના કારણે હોવાથી 'ભાવકલંકસિદ્ધ' છે.



ભાવકલંકસિદ્ધ નિગોદના દુઃખને તેને ભોગવનારો જ અનુભવે છે અને સર્વજ્ઞ ભગવાન જ જાણે છે. જેમ સિદ્ધ ભગવાનનું સુખ વચનથી કહી શકાતું નથી તેમ નિગોદનાં જીવનું દુઃખ વચનથી કહી શકાતું નથી. સાતમી નરકના નારકી કરતાંય અનંતગણું અધિક દુઃખ નિગોદના જીવનું છે. કોઇ મનુષ્યને લોખંડનાં ધગધગતાં રસમાં ભેળવીને ઓગાળી નાંખવામાં આવે તે દુઃખ પણ જેની પાસે કોઇ વિસાતમાં નથી તેવા ઘોરાતિઘોર દુઃખ નિગોદના જીવને હોય છે. નિગોદનાં દુઃખને અનંતકાળ સુધી અનંત જીભો વડે કહેવામાં આવે તોપણ તેનું કિંચિત્ પણ વર્ણન કે વિવેચન થઇ શકતું નથી. તેવું મહાન દુઃખ નિગોદનાં જીવને તેના ભાવકલંકનાં કારણે છે. નિગોદનાં જીવની ભાવકલંકની પ્રચુરતા તેના દુઃખની જ પ્રચુરતા છે. ભાવકલંકના કારણે થતો આત્માના ૧. સ્વભાવનો ઘાત ૨. જ્ઞાનનું હીણાપણું અને ૩. કર્મનું બંધન તેના દુઃખનું કારણ બને છે. તે આ રીતે–

## ૧. ભાવકલંકનાં કારણે થતો સ્વભાવનો ઘાત અને તેથી થતું દુઃખ




જીવના વિકારી પરિણામને ભાવકલંક કહે છે. ભાવકલંકનાં કારણે આત્માના સ્વભાવનો ઘાત થાય છે. જ્ઞાન-દર્શન-ચારિત્ર-વીર્ય જેવી અનંત શક્તિઓ એ આત્માનો સ્વભાવ છે. આવા સ્વભાવની પ્રગટતા ન થવી તે તેનો ઘાત છે. આત્માના સહજ ત્રિકાળ સ્વભાવમાં કોઇ આવરણ ઊણપ કે વિકૃતિ હોતી નથી અને તેને કારણે તેનો ઘાત હોતો નથી. તોપણ જીવના પોતાના ભાવકલંકનાં કારણે આત્માની અવસ્થામાં પોતાના સહજ સ્વભાવની પ્રગટતા ન થવી તે તેના સ્વભાવનો ઘાત છે. ભાવકલંકનાં કારણે આત્માની જ્ઞાન-દર્શન-ચારિત્ર-વીર્યાત્મક અનંત શક્તિઓમાં આવરણ, ઊણપ કે વિકૃતિ આવી જાય છે અને તેથી આત્માના સહજ નિરાકુળતામય સુખની પ્રગટતા થતી નથી. અને ઔપાધિક આકુળતામય દુઃખની પ્રગટતા થાય છે. ભાવકલંક અને તેના કારણે થતો સ્વભાવનો ઘાત જેટલો વધુ તેટલું તેના કારણે થતું દુઃખ પણ વધુ હોય છે. સંસારી જીવોમાં નિગોદનાં જીવનું ભાવકલંક સૌથી વધુ અને તીવ્ર હોવાથી તેનું દુઃખ પણ સૌથી વધુ અને તીવ્ર હોય છે. નિગોદનાં જીવની ભાવકલંકની પ્રચુરતા વાસ્તવમાં તેના દુઃખની જ પ્રચુરતા છે.

## ૨. ભાવકલંકનાં કારણે થતું જ્ઞાનનું હીણાપણું અને તેથી થતું દુઃખ

જીવના ક્રોધાદિ કષાયના ભાવ એ તેનું ભાવકલંક છે. કષાયની તીવ્રતા અને જ્ઞાનના ઉઘાડને સીધો સંબંધ છે. અરિહંત ભગવાનને કષાયનો સંપૂર્ણ અભાવ હોવાથી તેના જ્ઞાનનો સંપૂર્ણ ઉઘાડ એટલે કે સર્વજ્ઞ

દશા હોય છે. અજ્ઞાની જીવોની અલ્પજ્ઞદશાનું કારણ તેમનો કષાય છે. અજ્ઞાની જીવોની જેટલી કષાયની વધુને વધુ તીવ્રતા તેટલું તેમનું જ્ઞાન વધુને વધુ હીણું હોય છે. સામાન્ય માણસ પોતાના જાત અનુભવથી પણ જાણી શકે છે કે જ્યારે પોતામાં ક્રોધાદિ કષાયભાવોની તીવ્રતા હોય છે ત્યારે પોતાનું જ્ઞાન હીણું થઈ જાય છે અને જ્યારે તેની મંદતા હોય છે ત્યારે તે જ જ્ઞાન વિકાસ પામે છે. દેવ, મનુષ્ય, પશુ, નારકી અને નિગોદનાં જીવોનાં કષાયની તીવ્રતા ઉત્તરોત્તર વધુ હોય છે અને તેને કારણે તેમના જ્ઞાનનો ઉઘાડ ઉત્તરોત્તર ઓછો હોય છે. નિગોદનાં જીવમાં ભાવકલંકની અત્યંત પ્રચુરતા છે એટલે કે તેમનામાં કષાયની અત્યંત તીવ્રતા છે. તેથી તેનું જ્ઞાન અત્યંત હીણું છે. નિગોદનાં જીવની ભાવકલંકની પ્રચુરતા એ જ તેની કષાયની તીવ્રતા છે અને આ કષાયની અત્યંત તીવ્રતાને કારણે તેનું જ્ઞાન અત્યંત હીણું છે. નિગોદનાં જીવનું જ્ઞાન એટલું બધું હીણું છે કે તેના જ્ઞાનનો ઉઘાડ અક્ષરના અનંતમા ભાગ જેટલો જ હોય છે. જ્ઞાનનાં ખૂબ જ ઓછા ઉઘાડના કારણે તેના ચેતનમય અસ્તિત્વને આપણે જાણી શકતા પણ નથી. જ્ઞાનના અત્યંત હીણાપણાને કારણે તે કાયમ માટે ભાન વગરનો એટલે કે બેભાન જ હોય છે. નિગોદનાં જીવના જ્ઞાનનાં અત્યંત હીણાપણાનું કારણ તેના ભાવકલંકની અત્યંત પ્રચુરતા જ છે.

હવે જેમ ભાવકલંક અર્થાત્ કષાય અને જ્ઞાનને સંબંધ છે તેમ જ્ઞાન અને સુખ-દુઃખને પણ સંબંધ છે. જેનું જ્ઞાન સમ્યક્ હોય તેને સુખ હોય શકે છે અને જેનું જ્ઞાન મિથ્યા હોય તેને હંમેશાં દુઃખ જ હોય છે. સમ્યગ્દષ્ટિના જ્ઞાનને સમ્યગ્જ્ઞાન અને મિથ્યાદષ્ટિના જ્ઞાનને મિથ્યાજ્ઞાન કહે છે. મિથ્યાદષ્ટિ સંસારી જીવનું જ્ઞાન મિથ્યા હોવાથી તેને હંમેશાં દુઃખ જ હોય છે અને ક્યારેય સુખ હોતું જ નથી. મિથ્યાજ્ઞાનમાં પણ તે જ્ઞાનનો ઉઘાડ જેટલો ઓછો તેમ તેનું દુઃખ વધુ હોય છે. નિગોદનાં જીવનો જ્ઞાનનો ઉઘાડ એકદમ ઓછો છે તેથી તેનું દુઃખ એકદમ વધુ છે. સંસારી જીવોમાં સ્વર્ગના દેવ, મનુષ્ય, પશુ, નારકી અને નિગોદનાં જીવો ઉત્તરોત્તર વધુ દુઃખી છે. તેનું કારણ તેમના જ્ઞાનનો ઉઘાડ ઉત્તરોત્તર ઓછો છે અને તેનું કારણ તેમના ભાવકલંકની પ્રચુરતા ઉત્તરોત્તર વધુ છે.




બીજી રીતે કહીએ તો સંસારી જીવોમાં સ્વર્ગના દેવ, મનુષ્ય, પશુ, નારકી અને નિગોદનાં જીવોમાં ભાવકલંકની પ્રચુરતા ઉત્તરોત્તર વધુ છે. તેના કારણે તેમના જ્ઞાનનો ઉઘાડ ઉત્તરોત્તર ઓછો છે અને તેના કારણે તેમનાં દુઃખ ઉત્તરોત્તર વધુ છે. આ બાબત કોઠામાં નીચે મુજબ દર્શાવી શકાય છે.

| ક્રમ | સંસારી જીવ | ભાવકલંકની પ્રચુરતા | જ્ઞાનનો ઉઘાડ | દુઃખનું પ્રમાણ |
|---|---|---|---|---|
| ૧. | સ્વર્ગના દેવ | મંદતર | પુષ્કળ | ઓછું |
| ૨. | મનુષ્ય | મંદ | ઘણો | વધુ |
| ૩. | પશુ | તીવ્ર | ઓછો | ઘણું |
| ૪. | નારકી | તીવ્રતર | વધુ ઓછો | પુષ્કળ |
| **૫.** | **નિગોદ** | **તીવ્રતમ** | **એકદમ ઓછો** | **અત્યંત** |

ઉપર જણાવ્યા અનુસાર નિગોદનાં જીવની ભાવકલંકની તીવ્રતમ પ્રચુરતા જ તેનાં અત્યંત દુઃખનું કારણ છે.

## ૭. ભાવકલંકનાં કારણે થતું કર્મનું બંધન અને તેથી થતું દુઃખ

પૌદ્ગલિક કર્મોદયના કારણે થતા જીવના વિભાવને ભાવકલંક કહે છે. જીવના આ વિભાવરૂપ ભાવકલંકના કારણે નવીન પૌદ્ગલિક કર્મનું બંધન થાય છે. જીવના બધાં જ પ્રકારના કર્મનું ફળ દુઃખ છે. જીવના અશુભ ભાવના કારણે થતા પાપકર્મના બંધનું ફળ તો ઘણાં જ દુઃખનું કારણ છે. નિગોદનાં જીવના ભાવકલંકની પ્રચુરતાના કારણે તેને પાપકર્મનો જ બંધ થયા કરે છે. જેના કારણે પાપકર્મનો બંધ થાય તે પરિણામ અત્યંત દુઃખના જ હોય. તેથી નિગોદનાં જીવનો આ કર્મનો બંધ તેના અત્યંત દુઃખનું કારણ છે. કર્મજન્ય દુઃખની વાત હવે પછીના પ્રકરણમાં આવશે તેથી અહીં તેનું વર્ણન કરવામાં આવતું નથી.



જીવનો જે પ્રકારે વિભાવ એટલે કે ભાવકલંક હોય તે પ્રકારે તેને કર્મનું બંધન હોય છે. નિગોદનાં જીવની ભાવકલંકની પ્રચુરતાના કારણે તેને કર્મના બંધનની પણ પ્રચુરતા છે. આ કર્મબંધનની પ્રચુરતા એ તેના દુઃખની પણ પ્રચુરતા છે. તેથી નિગોદનાં જીવની

ભાવકલંકની પ્રચુરતા એ તેના દુઃખની જ પ્રચુરતા છે.

નિગોદનાં જીવને ભાવકલંકની પ્રચુરતાના કારણે એવા આકરા કર્મનું બંધન થાય છે કે અનંતકાળ સુધી નિગોદવાસને છોડી શકતો નથી. આવા કર્મબંધનનાં કારણે જ એક સૂક્ષ્મ શરીરમાં અનંત જીવોને એક સાથે રહેવું પડે છે. નિગોદનાં જીવનું આવું તીવ્ર કર્મબંધન જ તેના તીવ્ર દુઃખનું કારણ છે.

## ઉપસંહાર

એક સૂક્ષ્મ શરીરમાં એક સાથે અનંત જીવો રહેતા અનંતકાયનાં નિગોદનાં દુઃખો પણ અનંત છે. નિગોદની અવસ્થામાં આ જીવ અનંતકાળ સુધી અનેક પ્રકારના દુઃખો ભોગવે છે. જીવના અનેક પ્રકારના દુઃખોમાં સૌથી મોટું અને દીર્ઘકાળનું દુઃખ ભાવકલંકનું છે. નિગોદનાં જીવમાં આ ભાવકલંકનાં દુઃખની મુખ્યતા છે. નિગોદનાં અનંતકાળ સુધીના અનેક પ્રકારના દુઃખનું મૂળ કારણ પણ તેના ભાવકલંકની પ્રચુરતા છે. નિગોદનાં જીવના સ્વભાવની કોઇ પ્રગટતા ન દેખવી, તેના જ્ઞાનનું અત્યંત હીણાપણું અને કર્મનું તીવ્ર બંધન જ તેના ભાવકલંકની પ્રચુરતા પ્રસિદ્ધ કરે છે. ભાવકર્મનાં કારણે થતો સ્વભાવનો ઘાત, જ્ઞાનનું હીણાપણું અને કર્મનું બંધન પણ જીવના દુઃખનું જ કારણ છે. નિગોદનાં ભયંકર દુઃખને તેને ભોગવનારો જીવ જ અનુભવે છે અને ભગવાન જ જાણે છે. તેથી તે શબ્દોથી વર્ણવી શકાતું નથી.


સંસારી જીવનું રહેવાનું કાયમી ઠેકાણું નિગોદ છે. જેમ કોઇ જીવ પોતાના વતનમાં રહે છે અને વેકેશનમાં બહાર જઇ ધર્મશાળામાં રહે તો તે બહુ થોડો જ સમય રહે છે. તેમ સંસારી જીવ પોતાના વતન સમાન નિગોદમાં રહે છે અને નિગોદમાંથી બહાર નીકળી બાકીની ચાર ગતિમાં આવે તો તે બહુ થોડો જ કાળ રહે છે. નિગોદ સિવાયની ચાર ગતિ જીવના શુભાશુભભાવ ભોગવવાની ધર્મશાળા સમાન છે. અને તે ચાર ગતિની ધર્મશાળામાં રહી ફરી પાછો પોતાના વતન એવા નિગોદમાં આવી જાય છે. એકવાર નિગોદમાં આવેલો જીવ ફરી પાછો અનંતકાળ સિવાય નિગોદમાંથી બહાર નીકળતો નથી. જેમ કોઇ ભાડભૂંજો તાવડામાં ચણા શેકતો હોય તેમાં કોઇ ચણો ઊંચો ઉછળી થોડો સમય ઊંચો રહી ફરી પાછો તાવડામાં પડે અને ભાગ્યે જ કોઇ ચણો તાવડાની બહાર ફેંકાય છે. તેમ નિત્ય નિગોદનાં અનંતાનંત જીવોમાંથી છ મહિનાને આઠ સમયના ગાળામાં માત્ર છસો ને આઠ જીવો જ બહાર નીકળી સ્થાવર અને ત્રસ પર્યાયમાં કિંચિત્ કાળ રહી ફરી પાછા નિગોદમાં આવી પડે છે. અને ભાગ્યે જ કોઇ જીવ પોતાને પ્રાપ્ત મનુષ્ય પર્યાયનો અને તેની વિવેક બુદ્ધિનો સદુપયોગ આત્મહિત સાધવામાં કરી સંસારચક્રમાંથી બહાર નીકળી જાય છે અને જો તે આવો આત્મહિતનો ઉપાય ન કરે તો તે ફરી પાછો નિગોદમાં આવી પડે છે. તેથી દુર્લભ મનુષ્ય પર્યાયનો ઉપયોગ સમ્યગ્દર્શનરૂપી આત્મહિત માટે કરવો જરૂરી છે. પંડિત દૌલતરામજીના શબ્દોમાં–

**काल अनन्त निगोद मंझार, बीत्यो एकेन्द्री तन धार ।**
**एक श्वास में अठदस बार, जन्मयो मर्यो भर्यो दुःखभार ।।**

**दौल समझ सुन चेत सयानें काल वृथा मत खोवै ।**
**यह नरभव फिर मिलन कठिन है, जो सम्यक् नहि होवै ।।**

**ભાવાર્થ :** આ જીવે નરકથી પણ નિકૃષ્ટ એવા નિગોદનાં એકેન્દ્રિય પર્યાયના શરીર ધારણ કરી ત્યાં અનંતકાળ પસાર કર્યો છે. નિગોદમાં આ જીવે એક શ્વાસ જેટલા કાળમાં અઢાર વખત જન્મ-મરણ ધારણ કરીને ભયંકર દુઃખો ભોગવ્યા છે.

હવે જ્યારે મનુષ્ય પર્યાય પ્રાપ્ત થઈ છે ત્યારે તેનો સદુપયોગ એક સમય પણ વ્યર્થ ગુમાવ્યા વિના સમ્યગ્દર્શનરૂપી આત્મહિત સાધવામાં કર. જો સમ્યગ્દર્શન નહિ સાધે તો ફરી પાછો આવો મનુષ્યનો ભવ મળવો બહુ દુર્લભ છે. તેથી પંડિત દૌલતરામજી પોતાના જ આત્માને સંબોધન કરી આપણને પણ સંદેશ કહે છે કે- **હે સમજદાર વિવેકી આત્મા ! તું આ બાબત સાંભળી અને સમજીને આત્મહિત માટે સાવધાન થા.**



(ઢાળ : ઢાળ : ૧ : ગાથા ૩નો ઉત્તરાર્ધ અને ગાથા ૪નો પૂર્વાર્ધ તથા ઢાળ : ૩ : ગાથા ૧૭નો ઉત્તરાર્ધ)

## સંદર્ભ સાહિત્ય

**પ્રાસ્તાવિક :** ૧. ગોમ્મટસાર : જીવકાંડ : ગાથા ૧૯૬; ગાથા ૧૯૧ની ટીકા; ● ૨. ષટ્ખંડાગમ : ભાગ ૧ : પાનું ૨૬૯; ● ૩. પ્રજ્ઞાપન : સૂત્ર ૧૮, ૨૩૪ની મલયગિરિ ટીકા; ● ૪. સ્યાદ્વાદમંજરી : ગાથા ૨૯ અને તેની ટીકા; ● ૫. જૈ. સિ. કોશ : ભાગ : ૩ : વનસ્પતિ; ● ૬ સ્વામિ કાર્તિકેયાનુપ્રેક્ષા: ગાથા ૧૪૭થી ૧૫૪.

**નિગોદના જીવનું સ્વરૂપ :** ૧. છ ઢાળા : ઢાળ ૧ : ગાથા ૩; ● ૨. મોક્ષમાર્ગ પ્રકાશક : ગુજરાતી ત્રીજી આવૃતિ : પાનું ૩૫,૩૬,૨૬૯,૩૧૫,૩૪૪,૩૫૧,૩૫૮; ● ૩. સ્યાદ્વાદ મંજરી : ગાથા ૨૯માં ઉદ્ધૃત શ્લોક ૧, ૨ પાનું ૨૫૯; ● ૪. સમયસાર ● ૫. ગોમ્મટસાર : જીવકાંડ : ગાથા ૧૮૯થી ૧૯૬; ● ૬. જૈ. સિ. કોશ : ભાગ ૩ : ભક્ષ્યાભક્ષ્ય ● ૭. તત્ત્વાર્થરાજવાર્તિકના બે શ્લોક જે સ્યાદ્વાદ મંજરી ગાથા ૨૯ની ટીકા પાનું ૨૬૦માં ઉદ્ધૃત છે; ● ૮. જૈ. સિ. કોશ: ભાગ:૩ : વનસ્પતિ ૨ થી ૫: પાનું ૫૦૩ થી ૫૧૦.

**નિગોદના જીવના ભાવકલંકના દુઃખ :** ૧. ગોમ્મટસાર : જીવકાંડ : ગાથા ૧૯૭ અને તેની ટીકા; ● ૨. ષટ્ખંડાગમ : ભાગ ૧ : ગાથા ૧૪૭, ૧૪૮; ભાગ ૪ : ગાથા ૪૨, ૪૩; ● ૩. છ ઢાળા : ઢાળ ૧ : ગાથા ૩નો ઉત્તરાર્ધ અને ગાથા ૪નો પૂર્વાર્ધ; ઢાળ ૩ : ગાથા ૧૭નો ઉત્તરાર્ધ; ● ૪. ભાવપાહુડ : ગાથા ૨૮, ૨૯.

## હેતુલક્ષી પ્રશ્નો

**યોગ્ય વિકલ્પ પસંદ કરી બાજુનાં☐ ચોરસમાં દર્શાવો.**

**૧. નિગોદના એક શરીરમાં એક સાથે રહેતા જીવોની સંખ્યા કેટલી છે ?** ૧. ☐

A. ત્રણેય કાળની સમસ્ત સિદ્ધરાશિ કરતાં અનંતગણી
B. ત્રણેય કાળના સમયો કરતાં અનંતગણી
C. પુદ્‌ગલના પરમાણુઓ કરતાં અનંતગણી
D. આકાશના પ્રદેશો કરતાં અનંતગણી

**૨. સંસારી અજ્ઞાની જીવને રહેવાનું કાયમી ઠેકાણુ ક્યું છે ?** ૨. ☐

A. નિગોદ B. નરક C. ત્રસનાલી D. સિદ્ધશિલા

**૩. નિગોદમાંથી બહાર નીકળી ફરી પાછો નિગોદમાં આવેલો જીવ કેટલા કાળ પછી નિગોદમાંથી બહાર નીકળી શકે છે ?** ૩. ☐

A. અનંતાનંત કાળ
B. અઢી પુદ્‌ગલ પરાવર્તન જેટલા કાળ
C. અસંખ્યાત કલ્પકાળ
D. બે હજાર સાગરોપમ જેટલા કાળ

**૪. અનંતકાયનું ગણાતું નિગોદનું શરીર કેવડું છે ?** ૪. ☐

A. લોકાકાશ જેવડું
B. એક બટાકા જેવડું
C. સોયની અણીના અસંખ્યાતમાં ભાગ જેવડું
D. આકાશના એક પ્રદેશ જેવડું

**૫. નિગોદના જીવનું આયુષ્ય કેટલું ?** ૫. ☐

A. અનંતકાળ જેટલું
B. બે સેકન્ડ જેટલું
C. એક સમય જેટલું
D. ઉચ્છ્‌વાસના અઢારમાં ભાગ જેટલું

**૬. ૮૪ લાખ પ્રકારની યોનિ પૈકી નિગોદના જીવની યોનિ કેટલી ?** ૬. ☐

A. ૨ લાખ B. ૪ લાખ C. ૭ લાખ D. ૧૪ લાખ

**૭. જે લોકો સંસારી જીવોને અપરિમિત માનતા નથી તેમના મતમાં શો દોષ આવે છે ?** ૭. ☐

A. સંસારનો અભાવ અથવા મોક્ષનો અભાવ
B. બંધમાર્ગનો અભાવ અથવા મોક્ષમાર્ગના અભાવ
C. સંસારનો અભાવ અથવા સંસારમાંથી મોક્ષે ગયેલો જીવ ફરી સંસારમાં અવતાર ધારણ કરે
D. મોક્ષનો અભાવ અથવા મોક્ષમાંથી સંસારમાં અવતરેલો જીવ ફરી મોક્ષમાં પાછો ફરે

**૮. ત્રણ લોકના તળીયે અને સાતમી નરકના નીચે રહેનાર નિગોદના જીવને ક્યા પ્રકારના કહે છે ?** ૮. ☐

A. અક્ષય અનંત નિગોદ B. મહા નિગોદ
C. નિત્ય નિગોદ D. ઈતર નિગોદ

**૯. નિગોદમાં જન્મ ધારણ કરવાનું મુખ્ય કારણ ક્યું ?** ૯. ☐

A. ભાવકલંકની પ્રચુરતા B. કષાયની તીવ્રતા
C. વિષયોમાં અતિ આસક્તતા
D. જ્ઞાની ધર્માત્માની વિરાધના

**૧૦. કંદમૂળ શા માટે અભક્ષ્ય છે ?** ૧૦. ☐

A. અનંતકાયનું નિગોદનું શરીર હોવાથી
B. આરોગ્ય માટે હાનિકારક હોવાથી
C. જમીનમાં થતું હોવાથી
D. જૈનશાસ્ત્રમાં તેનો નિષેધ હોવાથી

**૧૧. નિગોદના જીવના અત્યંત દુઃખનું મૂળ કારણ શું છે?** ૧૧. ☐

A. ભાવકલંકની પ્રચુરતા B. અનંતકાયપણું
C. અતિ અલ્પ આયુષ્ય D. કર્મનો આકરો ઉદય

**૧૨. સંસારી જીવના અનેક પ્રકારના દુઃખોમાં મોટામાં મોટું દુઃખ ક્યું ?** ૧૨. ☐

A. ભાવકલંકનું B. સ્વાભાવિક
C. માનસિક D. શારીરિક

**૧૩. ક્યા કારણે નિગોદનો જીવ અનંતકાળ સુધી નિગોદવાસને છોડી શકતો નથી ?** ૧૩. ☐

A. દ્રવ્યકલંકની પ્રચુરતાના કારણે

B. ભાવકલંકની પ્રચુરતાના કારણે

C. આયુષ્યની દીર્ઘતાના કારણે

D. નિગોદના સાર્વત્રિકપણાના કારણે

**૧૪. સંસારી જીવોમાં સૌથી વધુ દુઃખી જીવ કોણ ?** ૧૪. ☐

A. નારકીનો જીવ B. વનસ્પતિકાય જીવ

C. નિગોદનો જીવ D. દેવગતિનો જીવ

**૧૫. નિગોદના જીવનું દુઃખ ક્યા પ્રકારનું છે ?** ૧૫. ☐

A. પરિણામસિદ્ધ B. સ્વભાવસિદ્ધ

C. દ્રવ્યકલંકસિદ્ધ D. ભાવકલંકસિદ્ધ

**૧૬. નિગોદના જીવના દુઃખને કોણ જાણી શકે ?** ૧૬. ☐

A. કોઈ ન જાણી શકે

B. કોઈપણ જાણી શકે

C. નિગોદનો જીવ પોતે જ જાણી શકે

D. સર્વજ્ઞ ભગવાન જ જાણી શકે

**૧૭. ભાવકલંકના કારણે થતો આત્માના સ્વભાવનો ઘાત એટલે શું ?** ૧૭. ☐

A. જ્ઞાનનો અભાવ

B. સુખની અપ્રગટતા

C. આત્માની અનંત શક્તિઓની અપ્રગટતા

D. કષાયની તીવ્રતા

**૧૮. જ્ઞાનને કોની સાથે કોઇ સંબંધ નથી ?** ૧૮. ☐

A. આત્મા સાથે B. શરીર સાથે

C. સુખ–દુઃખ સાથે

D. ભાવકલંક સાથે

**૧૯. જીવને ક્યા પ્રકારના કર્મનું બંધન દુઃખનું કારણ છે?** ૧૯. ☐

A. બધાં જ પ્રકારના કર્મનું બંધન

B. પુણ્ય કર્મનું બંધન

C. નિગોદમાં લઈ જનાર કર્મનું બંધન

D. તીર્થંકર નામકર્મનું બંધન

**૨૦. દુર્લભ મનુષ્ય પર્યાયનો સદુપયોગ શા માટે કરવો જરૂરી છે ?** ૨૦. ☐

A. આત્મહિત માટે

B. પુણ્યોપાર્જન કરવા માટે

C. સમાજ સેવા માટે

D. સત્તા–સંપત્તિ મેળવવા માટે

## સૈદ્ધાંતિક પ્રશ્નો

### નીચેના પ્રશ્નો એક કે બે વાક્યોમાં ટૂંકા જવાબ આપો.

૧. 'નિગોદ' શબ્દનો અર્થ શો છે ?
૨. નિગોદનાં જીવનું દ્રવ્યથી અનંતપણું કઈ રીતે છે ?
૩. નિગોદનાં જીવનું ક્ષેત્રથી અનંતપણું કઈ રીતે છે ?
૪. નિગોદનાં જીવનું કાળથી અનંતપણું કઈ રીતે છે ?
૫. નિગોદનાં જીવનું ભવથી અનંતપણું કઈ રીતે છે ?
૬. નિગોદનાં જીવનું ભાવથી અનંતપણું કઈ રીતે છે ?
૭. નિગોદનાં એક શરીરમાં એક સાથે અનંત જીવો કેમ રહી શકે ?
૮. જુદી જુદી અપેક્ષાએ થતા નિગોદના જીવના છ પ્રકાર જણાવો.
૯. નિગોદમાં ઉપજવાના કારણો બતાવો.
૧૦. શા માટે કંદમૂળ અભક્ષ્ય છે ?
૧૧. ભાવકલંક એટલે શું ?
૧૨. નિગોદનાં જીવનું ભાવકલંક ક્યા ત્રણ પ્રકારે દુઃખનું કારણ બને છે ?

### નીચેના પ્રશ્નો વિસ્તૃત જવાબ આપો.

૧. સંસારમાંથી મોક્ષે ગયેલો જીવ ફરી પાછો સંસારમાં પાછો ફરતો નથી તોપણ સંસારનો અભાવ થતો નથી. તેમ શા માટે ?
૨. નિગોદનું એક શરીર કેવું સૂક્ષ્મ અને નાનું છે તે સમજાવો.
૩. નિગોદનાં એક શરીરમાં એક સાથે અનંત જીવો કેમ માની શકાય ?
૪. નિગોદનાં જીવોને અનંતકાયના ન માનવામાં આવે તો શો દોષ આવે ?
૫. નિગોદનાં જીવનું સ્વરૂપ જણાવો.
૬. શા માટે કંદમૂળનું ભક્ષણ કરનાર જીવ ભવિષ્યમાં કંદમૂળ જેવા નિગોદમાં જ અવતરશે ?
૭. નિગોદનાં જીવને ક્યા ક્યા દુઃખો છે અને તેમાં સૌથી મોટું દુઃખ ક્યું છે ?
૮. નિગોદનાં જીવને ભાવકલંકને કારણે થતો સ્વભાવનો ઘાત અને તેથી થતું દુઃખ કઈ રીતે છે ?
૯. નિગોદનાં જીવને ભાવકલંકને કારણે થતું જ્ઞાનનું હીણાપણું અને તેથી થતું દુઃખ કઈ રીતે છે ?
૧૦. નિગોદનાં જીવને ભાવકલંકનાં કારણે થતું કર્મનું બંધન અને તેથી થતું દુઃખ કઈ રીતે છે ?
૧૧. સંસારી જીવની ભાવકલંકની પ્રચુરતા અને તેની સાથે જ્ઞાનનો ઉઘાડ અને દુઃખના પ્રમાણને કઈ રીતનો સંબંધ છે તે સમજાવો. આ સંબંધ કોઠામાં પણ દર્શાવો.
૧૨. નિગોદનાં જીવની કઈ બાબત તેના ભાવકલંકને બતાવે છે?
૧૩. નિગોદનાં જીવને ભાડભૂંજા દ્વારા તાવડામાં શેકાતા ચણા સાથે કઈ રીતે સરખાવી શકાય છે ?
૧૪. દૌલતરામજી પોતાના આત્માને જ સંબોધન કરી આપણને શો સંદેશો આપે છે ?

## વિદ્યાર્થીઓની જુથ પ્રવૃત્તિ

૧. નિગોદનાં જીવનું સ્વરૂપ દર્શાવતો પ્રોજેક્ટ તૈયાર કરો.
૨. નિગોદનાં ભાવ–કલંકના દુઃખો સમજાવતો સંવાદ ભજવો.

## શિક્ષકની વિશેષ પ્રવૃત્તિ

૧. કંદમૂળ જેવા અભક્ષ્યનું ભક્ષણ કરનાર આત્મહિતની યોગ્યતા રાખતો નથી તે બાબતની વિશદ સમજૂતી આપો.